મેઘરજમાં બારદાનના અભાવે ટેકાના ભાવે મગફળીની ખરીદી અટકી

માલપુરમાં ૪૦થી વધુ ખેડૂતો પહોંચતા ભારે અફડાતફડી

મેઘરજ, તા. ૨૬

રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદીની જાહેરાત બાદ ઓનલાઈન રજિસ્ટ્રેશનની નોંધણીમાં ભારે જહેમત બાદ નોંધણી કરાવનાર ખેડૂતોની અરવલ્લી જીલ્લામાં હાલાકી યથાવત જોવા મળી રહી છે. અરવલ્લી જીલ્લાના મેઘરજ એપીએમસીમાં આવેલા ખરીદ કેન્દ્રમાં મોડી રાત્રીના સુમારે પહોંચેલા ૨૩ ખેડૂતોની ખરીદી સોમવારે બારદાનના અભાવે અટકતા ખેડૂતોને બેસી રહેવાનો વારો આવ્યો હતો. કેટલાક ખેડૂતો તેમની મગફળી ન છૂટકે મોડાસા માર્કેટયાર્ડમાં સસ્તા ભાવે વેચવા મજબુર બન્યા હતા. જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનના જણાવ્યા અનુસાર મેઘરજમાં બારદાનના અભાવે ખેડૂતોની ટેકાના ભાવે મગફળીની ખરીદી અટકે નહિ તેમાટે ૩૩૦૦ બારદાનનો જથ્થો રવાના કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

માલપુર એપીએમસી ખાતે સોમવારે ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર નોંધણી કરાયેલ ૫૦ ખેડૂતોમાંથી ૪૦ ખેડૂતો મોડીરાત્રીથી ટ્રેકટરો સહીત અન્ય વાહનો મારફતે મગફળી લઈને પહોંચતા અગાઉ ટેકાના ભાવે ખરીદેલી મગફળી જથ્થો અને સોમવારે ૫૦૦૦ બોરીની ખરીદીના પગલે ખડકલો થતા જગ્યાના અભાવે માર્કેટયાર્ડમાં ખેડૂતોની સંખ્યા વધતા ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો. વહીવટીતંત્ર દ્વારા મગફળીની ખરીદીમાં અંધાધૂંધી ન સર્જાય તે માટે ખેડૂતોને ટોકન ફાળવી દીધા હતા.

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત

બનાસકાંઠા જિલ્લામાં ૯.૯૨ લાખ બાળકોના આરોગ્યની તપાસ કરાશે

પાલનપુર, તા. ૨૬

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૯,૯૨,૫૫૧ બાળકોના અરોગ્યની

તપાસ કરાશે. આજે તા. ૨૭ નવેમ્બર-૨૦૧૮ થી તા. ૧ ફેબ્રુઆરી-૨૦૧૯ સુધી શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાશે. જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલ પાલનપુર તાલુકાના સામઢી (નાંભાણી વાસ) ખાતેથી આજે સવારે-૧૦.૩૦ વાગે શાળા આરોગ્ય કાર્યક્રમનો પ્રારંભ કરાવશે. જેના આયોજન માટે પાલનપુર કલેકટર કચેરી ખાતે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં શાળા આરોગ્ય કાર્યક્રમના આયોજન અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અરૂણ આચાર્યએ માહિતી આપતાં જણાવ્યું કે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીના બાળકો, જેમાં શાળાએ જતા અને શાળાએ ન જતા તમામ બાળકોનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાની ૨૬૮૫-પ્રાથમિક શાળાઓ, ૫૧૨-માધ્યમિક શાળાઓ, ૩૪૨૬-આંગણવાડીઓ, ૭૭-અન્ય શાળાઓ એમ કુલ- ૬૭૦૦ સંસ્થાઓના વિધાર્થીઓના આરોગ્યની તપાસણી કરવામાં આવશે. જેમાં ૫,૨૯,૩૪૮-પ્રાથમિક શાળાના, ૧,૩૬,૦૪૦-માધ્યમિક શાળાના, ૩,૦૪,૪૯૭-આંગણવાડીના, ૧૧,૭૧૬-અન્ય શાળાઓ અને ૧૦,૯૫૦-શાળાએ ન જતા બાળકો મળી કુલ-૯,૯૨,૫૫૧ બાળકોના આરોગ્યની ચકાસણી કરાશે.

શાળા આરોગ્ય તપાસણીમાં ૭૪- એમ.બી.બી.એસ.મેડીકલ ઓફિસર, ૧૨૫ આરબીએસકે મેડીકલ ઓફિસર, ૧૧૫૬-ફિમેલ અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ૨૯૫૦ આંગણવાડી કાર્યકર, ૨૫૦૯ આશા બહેનો, ૧૮,૩૦૮-શિક્ષકો, ૧૧૨-મુખ્ય સેવિકા અને અન્ય-૨૪ જણાનો સ્ટાફ સેવા આપશે. સમગ્ર જિલ્લામાં ૪૫ વર્કિંગ ડે સુધી ચાલનાર આ કાર્યક્રમ અંતર્ગત દરેક ગામમાં પાંચ દિવસ સુધી શાળા આરોગ્ય સપ્તાહ તરીકે ઉજવવાશે. જેમાં રોજ વિવિધ આરોગ્યલક્ષી કામગીરી માટે થીમ વિભાગ પ્રમાણે નક્કી કરવામાં આવી છે. પ્રથમ દિવસે સ્વચ્છતા દિવસમાં ગામ, શાળાની સામાન્ય સફાઈ, પાણીના સ્ત્રોત, ગટરની સફાઈ, ઔષધિય વૃક્ષારોપણ. આ સપ્તાહમાં શાળા, ગામમાં આરોગ્ય પ્રદર્શન યોજાશે.

એનઆઈસી કેમ્પ બરેલી ઉત્તરપ્રદેશ ખાતે મેઘરજ કોલેજ ઝળકી

મેઘરજ, તા. ૨૬

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ, અંતર્ગત સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ મેઘરજના એનએસએસ વિભાગના બે સ્વયંસેવકો પસંદગી પામી રાષ્ટ્રીય એકતા શિબિરમાં તા. ૧૩-૧૧-૨૦૧૮ થી ૧૯-૧૧-૨૦૧૮ સુધી બરેલી ઉત્તરપ્રદેશ ખાતે કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાં દશરથસિંહ અરવિંદસિંહ પરમાર અને અંજનાબહેન ચતુરભાઈ ખાંટ બંનેએ ગુજરાત તરફથી પ્રતિનિધિત્વ કરી નેતૃત્વ પુરૂ પાડ્યુ હતું. બંને સ્વયંસેવકોએ ઉત્તમ કાર્ય અને રસપુર્વક ભાગ લઈ કોલેજનું ગૌરવ વધારેલું હતું. એનઆઈસી કેમ્પના બાર વિદ્યાર્થીઓની માર્ગદર્શનની ભૂમિકા ડૉ. ભરત પટેલે સાહેબે પુરી પાડી હતી. કેમ્પમાં પસંદગી કરી મોકલવામાં પ્રો. ઓફિસર ડૉ. એન.એલ. ચૌધરી અને આચાર્ય ઉત્તમભાઈ ગાગુડે સાહેબનું મહત્વનું યોગદાન રહ્યું હતુ. ઉપરાંત આચાર્યએ અને કોલેજ પરિવારે બંને સ્વયંસેવકોને અભિનંદન પાઠવ્યા હતા.

વસ્ત્રાલમાં લઠ્ઠાકાંડમાં ચારના મોત થયાની શંકાથી ચકચાર

અમદાવાદ,તા. ૨૬

શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં એક જ દિવસમાં ચાર લોકોના મોતને લઈ લઠ્ઠાકાંડ થયો હોવાની અફવા ફેલાઈ હતી. અફવાને પગલે દોડતી થયેલી પોલીસે તપાસ કરતા ચારેય લોકોના મોત અલગ અલગ કારણથી થયા હોવાનું સામે આવ્યું હતું. ચારેય લોકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં કેફીપીણું મળી આવ્યું ન હતું, જેને પગલે પોલીસે પણ રાહતનો દમ લીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના વસ્ત્રાલ ગામમાં રહેતા જડીબેન ડાભી (ઉ.વ.૭૦) અને શાંતાબેન રાવળ (ઉ.વ.૯૦)ના કુદરતી રીતે મોત થયા હતા, જયારે કાનજી સોલંકી (ઉ.વ.૩૦)નું મોત એટેક આવવાથી જયારે કનુભાઈ સોલંકી (ઉ.વ.૨૧)નું મોત બીમારીમાં ચક્કર આવવાથી થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું. જો કે, વસ્ત્રાલમાં ચાર લોકોના મોતને પગલે લઠ્ઠાકાંડની ચર્ચાએ ભારે જોર પકડયું હતું, જેને પગલે પોલીસ દોડતી થઈ હતી અને સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

નવી જંત્રી આધારે ખેડૂતોને વળતર ચૂકવવા હુકમ

જમીન સંપાદનને લઇને વિવાદ અકબંધ : રાજયના એક લાખથી વધુ ખેડૂતોને હાઇકોર્ટની બહુ મોટી રાહત : જમીન સંપાદનના વળતર પૂરતા એવોર્ડ રદ કર્યા

અમદાવાદ,તા. ૨૬

ભાવનગરથી વેરાવળ અને વડોદરાથી મુંબઈ વચ્ચે નેશનલ હાઈવેને લઈ રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલી જમીન સંપાદન કાર્યવાહી અંતર્ગત ખેડૂતોને વળતર પૂરતા થયેલા એવોર્ડ(હુકમો) ગુજરાત હાઈકોર્ટે આજે એક મહત્વના ચુકાદા મારફતે અયોગ્ય અને રદબાતલ ઠરાવ્યા હતા. હાઈકોર્ટે અસરગ્રસ્ત એકલાખથી વધુ ખેડૂતોને બહુ મોટી રાહત આપતાં ચુકાદામાં ખેડૂતોને નવી જંત્રી મુજબ પુનઃ મૂલ્યાંકન કરી વળતર ચૂકવવા માટે નેશનલ હાઈવે ઓથોરીટી અને તમામ જમીન સંપાદન અધિકારી સત્તાવાળાઓને આદેશ કર્યો છે. હાઈકોર્ટના આ હુકમને પગલે ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ છે. હાઈકોર્ટના આ ચુકાદાને પગલે નેશનલ હાઈવે ઓથોરીટીએ હવે ખેડૂતોને રૂ.૫૦૦થી રૂ.૧૦૦૦ કરોડ સુધીની વધુ રકમ ચૂકવવાનો વારો આવે તેવી શકયતા છે. હાઈકોર્ટે એવી ટકોર પણ કરી હતી કે, સરકારે નક્કી કરેલા ભાવો મુજબ, ખેડૂતોને જમીનનું વળતર ચૂકવાવુ જોઈએ, નહી કે, જમીન સંપાદન અધિકારી દ્વારા નક્કી કરાય તે ભાવ મુજબ. હાઈકોર્ટે જંત્રી અને માર્કેટ વેલ્યુના તફાવતને ધ્યાનમાં લેવા પણ સત્તાવાળાઓને નિર્દેશ કર્યો હતો. હાઈકોર્ટે જમીન સંપાદન ધારા-૨૦૧૩ની કલમ-૨૬ની જોગવાઈને ધ્યાનમાં લઈ ૨૦૧૧ની નહી પરંતુ હાલની નવી જંત્રી મુજબ, ખેડૂતોની જમીનનું પુનઃમૂલ્યાંકન કરી તે મુજબ ચાર ગણું વળતર ચૂકવવા સંબંધિત સત્તાવાળાઓને આદેશ કર્યો હતો. અગાઉ અરજદાર ખેડૂતો તરફથી રિટ અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ભાવનગરથી વેરાવળ અને વડોદરાથી મુંબઈ વચ્ચે નેશનલ હાઈવે પ્રોજેકટના ભાગરૂપે લાખો ખેડૂતોની જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરાઈ છે પરંતુ તેમાં રાજય સરકાર અને નેશનલ હાઈવે ઓથોરીટીઝ સત્તાવાળાઓ દ્વારા કાયદાકીય જોગવાઈઓ અને પ્રક્રિયાનું સરેઆમ ઉલ્લંઘન કરાયું છે. ખેડૂતોની જમીન બારોબાર સંપાદન કરી લેવાઈ છે અને તેનું યોગ્ય વળતર પણ તેઓને ચૂકવાયું નથી. સત્તાવાળાઓ દ્વારા ૨૦૧૧ની જંત્રી પ્રમાણે ખેડૂતોને વળતર ચૂકવવાની વાત કરી રહ્યા છે, જયારે કાયદાકીય જોગવાઈ મુજબ, ખેડૂતોને હાલની નવી જંત્રી મુજબ, જમીનોનું વળતર મેળવવાનો અધિકાર છે. આમ, સમગ્ર જમીન સંપાદનની પ્રક્રિયા જ અયોગ્ય, ગેરકાયદે અને ગેરવાજબી હોઈ હાઈકોર્ટે તેને રદબાતલ ઠરાવવી જોઈએ અને ખેડૂતોને હાલની જંત્રી મુજબ વળતરની રકમ અપાવવી જોઈએ. હાઈકોર્ટે આ દલીલો ગ્રાહ્ય રાખી ઉપરમુજબ ચુકાદો જાહેર કર્યો હતો.

પક્ષમાં નિષ્ઠાથી કામ કરો નહી તો જગ્યાને ખાલી કરો : સાતવ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારીની સાફ શબ્દોમાં ચેતવણી : પક્ષમાં જે લોકોની કામગીરી નબળી હશે તેઓને સંગઠનની જવાબદારીમાંથી મુકત કરવામાં આવશે : રાજીવ સાતવ

અમદાવાદ, તા.૨૪

જસદણ બેઠકની પ્રતિષ્ઠિત પેટા ચૂંટણીને લઈ આજે ગુજરાત કોંગ્રેસની એક મહત્વની બેઠક ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવના નેજા હેઠળ મળી હતી, જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના મહાનુભાવો ઉપરાંત ખાસ તો, જસદણ બેઠકને લઈ કોંગ્રેસના સંભવિત ઉમેદવારો પણ હાજર રહ્યા હતા. જો કે, બેઠકના પ્રથમ દિવસે જ આજે કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ દ્વારા સાફ શબ્દોમાં ચેતવણી આપી દેવામાં આવી હતી કે, પક્ષમાં જે લોકોની કામગીરી નબળી હશે તેઓને સંગઠનની જવાબદારીમાંથી મુકત કરવામાં આવશે. પક્ષમાં નિષ્ઠા અને ખંતપૂર્વક મહેનત-કામ કરો, નહી તો જગ્યા ખાલી કરો. પક્ષ માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરશે તે જ ટિકિટ મેળવવા પણ હકદાર ઠરશે. જસદણ જંગને લઈ ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ હવે મોરચો સંભાળી રહ્યા છે અને બેઠક જીતવા કોંગ્રેસને એડીચોટીનું જોર લગાવવા તેમણે હાકલ કરી દીધી છે. ગુજરાત કોંગ્રેસના સંગઠનની નવી બોડીના હોદ્દેદારો સાથે આજે યોજાયેલી મહત્વની બેઠકમાં સાતવે પ્રભારીઓને જસદણમાં રહીને ચૂંટણીની કામગીરી કરવા આદેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦ ધારાસભ્યો અને ૧૪ આગેવાનોને જસદણની જવાબદારી સોંપાઈ છે ત્યારે સાતવે આજે સ્પષ્ટ કર્યું હતું કે, જે જવાબદારી નહી નિભાવે તેની સામે પણ પગલાં લેવાશે. જયારે સારી અને નિષ્ઠાપૂર્વકની પરિણામલક્ષી કામગીરી કરનારનું સન્માન પણ થશે. દરમ્યાન આજે મળેલી ગુજરાત કોંગ્રેસના હોદ્દેદારો અને પદાધિકારીઓની મહત્વની બેઠકમાં કોંગ્રેસના ગુજરાતના પ્રભારી રાજીવ સાતવે સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષની સીસ્ટમ અને વિચારધારા મુજબ સૌકોઈએ કામ કરવું પડશે. પક્ષ હવે કોઈપણ લાલિયાવાળી કે પક્ષવિરોધી પ્રવૃત્તિને સાંખી લેવાના મૂડમાં નથી. પક્ષ માટે નિષ્ઠાપૂર્વક કામ કરશે તેઓ માટે પક્ષ પણ ટિકિટ આપવા ઉત્સુક છે. જો પક્ષમાં નિષ્ઠા અને ખંતપૂર્વક કામ કે મહેનત ના કરવી હોય તો, જગ્યા ખાલી કરો તેવી સાફ શબ્દોમાં ચેતવણી પણ તેમણે ઉચ્ચારી દીધી હતી.

મોલ માલિકોને પાર્કિંગ ચાર્જ વસૂલવાની કોઈ સત્તા જ નથી

અમદાવાદ, તા.૨૬

ગુજરાત હાઈકોર્ટે પાર્કિંગ ચાર્જ વસૂલવા મામલે મોલ અને મલ્ટીપ્લેક્સની ઝાટકણી કાઢતા આજે જણાવ્યું હતું કે, પાર્કિંગ ચાર્જ વસૂલવાની સંચાલકોને કોઈ સત્તા નથી. મોલ બંધ કરાવવા અંગે કોર્ટે હુકમ કરવો પડે તે પહેલા મોલ માલિકો સમજી જાય તેવી સાફ ચીમકી પણ હાઈકોર્ટે ઉચ્ચારતાં મોલ માલિકોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી આવતીકાલ પર મુકરર કરી છે. ગત ઓક્ટોબર માસમાં મોલ અને મલ્ટિપ્લેક્સમાં પાર્કિંગ ચાર્જ લેવા બાબતે સુનાવણી કરતા ગુજરાત હાઈકોર્ટે મોલ અને મલ્ટિપ્લેક્સને પાર્કિંગ ચાર્જ વસૂલ કરવાની પરવાનગી આપી કામચલાઉ રાહત આપી હતી. જો કે, હાઈકોર્ટે તેના ચુકાદામાં એવું પણ કહ્યું હતું કે પ્રથમ કલાક માટે પાર્કિંગને ફ્રી રાખવું પડશે. ત્યારબાદ જ ચાર્જ વસૂલ કરી શકાશે. એક કલાક બાદ ટુ-વ્હીલર માટે રૂ. ૨૦ અને ફોર વ્હીલર માટે રૂ. ૩૦ પાર્કિંગ ચાર્જ ચુકવવો પડશે. પ્રથમ કલાક માટે પાર્કિંગને ફ્રી રાખવાના હુકમ સામે કેટલાક મોલ અને મલ્ટિપ્લેક્સ થિયેટર માલિકો દ્વારા ખંડપીઠ સમક્ષ અપીલ કરી સીંગલ જજના અગાઉના હુકમને પડકારાયો હતો. જેમાં મોલ માલિકો તરફથી એવી રજૂઆત કરાઈ હતી કે, પ્રથમ કલાક ફ્રી પાર્કિંગની સુવિધા આપવાના હાઈકોર્ટના આદેશ પહેલા તેમને સાંભળવાની તક આપ્યા વિના જ અગાઉનો હુકમ કરાયો છે. હાઈકોર્ટે હુકમ કર્યો તે કેસમાં અરજદાર મોલ માલિકો કે મલ્ટિપ્લેક્સ થિયેટરો પક્ષકારો પણ ન હતા અને તે કેસમાં તેઓને રજૂઆત કે સુનાવણીની કોઈ તક પણ મળી નથી.

રસ્તા પર ફોન, કિંમતી ચીજો આંચકી લેનાર ચાર ઝડપાયા

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ શહેરમાં જુદા

જુદા રસ્તા પર રાહદારીઓના મોબાઈલ ફોન અને અન્ય કિંમતી ચીજો આંચકીને ફરાર થઈ જતી ટોળકીના ચાર ઈસમોને મુદ્દામાલ સાથે પકડી પાડવામાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે સફળતા મેળવી છે. ઝડપાયેલા શખ્સો પાસેથી ૧૮ મોબાઈલ, ત્રણ વાહનો કબજે કરાયા છે.

આ ટોળકીના અન્ય સભ્યો છે કે કેમ તેને લઈને શહેર ક્રાઈમબ્રાંચ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. તેમની પાસેથી કુલ ૧૭૩૦૦૦ની મત્તા જપ્ત કરવામાં આવી છે. બાતમીના આધાર પર ક્રાઈમ બ્રાંચે આ સફળતા મેળવી છે. આ અંગે મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાંચની ટીમ જ્યારે પેટ્રોલીંગ પર હતી ત્યારે ટોળકીના સંદર્ભમાં બાતમી મળી હતી. જેના આધાર પર જાળ બિછાવવામાં આવી હતી અને આ જાળમાં આરોપી ફસાયા હતા. તમામને એલીસબ્રીજ એમજે લાયબ્રેરીથી થોડે આગળ જનપથ કોમ્પલેક્ષ પાસેથી ઝડપી પડાયા હતા.

રાજદ્રોહ કેસમાં પાસ કન્વીનર અલ્પેશ કથિરિયાના જામીન માટે અરજી

સુરત,તા.૨૬

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદ કેસમાં પાટીદાર અનામત આંદલન સમિતિના કન્વીનર અલ્પેશ કથિરિયાને જામીન આપ્યા હતા. જોકે, રાજદ્રોહ કેસમાં અલ્પેશ કથિરિયાના વકિલે જામીન અરજી દાખલ કરી છે. વકિલે સુરત ડિસ્ટ્રીક કોર્ટમાં અલ્પેશ કથિરિયા માટે જામીન અરજી દાખલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, પાટીદાર આંદલન વખતે રાહદ્રોહના કેસમાં જેલમાં બંધ અલ્પેશ કથીરિયાને જામીન મળ્યા હતા. અમદાવાદમાં જીએમડીસીમાં રાજદ્રોહના કેસ મામલે અલ્પેશના જામીન માટે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી જેમાં કોર્ટે રાહત આપતાં જામીન માન્ય રાખ્યા હતા. પાટીદાર અનામત આંદલન વખતે હાર્દિક પટેલ સહિત અનેક પાસના કન્વીનરો પર રાહદ્રોહનો કેસ દાખલ થયો હતો, ત્યારબાદ હાર્દિક સહિતના કન્વીનરો જામીન મુક્ત કરાયા હતા, જ્યારે અલ્પેશને જામીન મળ્યા ન હતા. જેથી અલ્પેશને સુરતની લાજપોર જેલમાં મોકલવામાં આવ્યો હતો.

પાસ કન્વિનર ચીરાગ પટેલે જણઆવ્યું કે અમે ચાર લોકો રાજદ્રોહના કેસમાં સાત મહિના જેલમાં રહ્યા હતા.

વિનય શાહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડાયેલું સંયુક્ત ઓપરેશન છે. વિનયની ધરપકડ કરાઈ ત્યારે તેની પાસેથી એક લેપટોપ, ચાર મોબાઈલ, છ એટીએમ કાર્ડ અને લાખોના મૂલ્યની ફોરેન કરન્સી પણ મળી આવ્યા હતા. નેપાળ પોલીસને ભારતીય પ્રસાર માધ્યમથી ગત તા.૧૦ નવેમ્બરે વિનયની માહિતી મળી હોવાનો દાવો કરાયો છે. વિનયની ધરપકડ કરી ત્યારે નેપાળ પોલીસે તેની પર ગેરકાયદેસર વિદેશી ચલણ રાખવાનો દાવો કર્યો હતો. વિનય સાથે કાઠમંડુની હોટેલમાંથી ઝડપાયેલી ૨૯ વર્ષીય યુવતીનું નામ ચંદા થાપા હોવાનું અને તે દિલ્હીની એક સ્પામાં કામ કરતી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસ પ્રમાણે ચંદા કાઠમંડુથી વિનયને ગેરકાયદેસર રીતે કરન્સી એક્સચેન્જ કરાવી આપવા પોખરા પહોંચી હતી. વિનય સાથે મળીને ચંદા નેપાળમાં પણ કોઈ પોન્ઝી સ્કીમ ચલાવી રહી હતી કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. હાલ આ બંન્ને પર ગેરકાયદેસર રીતે વિદેશી ચલણ ધરાવવાનો ગુનો લાગ્યો છે. વિનય શાહની નેપાળ પોલીસે રૂ.૧૨ લાખની રોકડ સાથે ધરપકડ કરી હતી. નેપાળનું સ્વર્ગ ગણાતા પોખરાવેલીમાં વિનય શાહ રૂ.૧૨ લાખની રોકડ રકમ સાથે જતો હતો ત્યારે નેપાળ પોલીસે તેના પર શંકા જતાં તેની અટકાયત કરી હતી. પૂછપરછ દરમ્યાન વિનય શાહ રૂ.૨૬૦ કરોડનો કૌભાંડી હોવાનું બહાર આવતાં નેપાળ પોલીસે તેની ધરપકડ કરી ગુજરાત સીઆઈડીને જાણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, થલતેજમાં આવેલ પ્રેસિડેન્ટ પ્લાઝામાં વર્લ્ડ ક્લેવરેક્સ સોલ્યુશન કંપની તથા આર્ચર કેર ડીજી એલએલપી કંપનીના માલિક વિનય શાહ અને તેની પત્ની ભાર્ગવી શાહ એક લાખ ગ્રાહકોનું ૨૬૦ કરોડનું ફુલેકું ફેરવીને ફરાર થઈ ગયા હતા. બીજી તરફ ક્રાઈમ બ્રાંચના વડા જે.કે.ભટ્ટ, પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્રસિંહ રાજપૂત અને તેમના પુત્ર સ્વપ્નીલ રાજપૂત સહિત મીડિયાના કેટલાક રિપોર્ટર પર તોડના આક્ષેપ કરતી વિનય શાહની કથિત સ્યુસાઈડ નોટ સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં લોકોમાં આ ચર્ચાનો વિષય બન્યો હતો. પાલડીના યુનિયન ફ્લેટમાં રહેતા વિનય શાહ અને ભાર્ગવી શાહે વર્લ્ડ ક્લેવરેક્સ સોલ્યુશન કંપની તથા આર્ચર કેર ડીજી એલએલપી કંપની ખોલી હતી.

નક્સલીઓ ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીઆરજીના સંયુક્ત દળ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાનને પ્રહાર-૪ ઓપરેશન નામ અપાયું હતું. અવસ્થીએ કહ્યું હતું કે, વધારાના સુરક્ષા જવાનોને ઘટનાસ્થળ માટે રવાના કરવામાં આવ્યા હતા. નક્સલીઓ સામે હજુ પણ કાર્યવાહી ચાલી રહી છે. આ સંબંધમાં વધારે માહિતીની રાહ જોવામાં આવી રહી છે. છત્તીસગઢના નક્સલી પ્રભાવિત સુકમા જિલ્લામાં પોલીસે અથડામણમાં નક્સલીઓને ઠાર કર્યા હતા. નક્સલીઓ છત્તીસગઢના કેટલાક વિસ્તારોમાં હજુ પણ જોરદારરીતે સક્રિય થયેલા છે.

પ્રચારનો અંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવવા ઈચ્છુક છે. ૨૦૧૩ની છેલ્લી વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ પાર્ટીએ ૩૪ સીટો જીતી હતી જ્યારે મિઝો નેશનલ ફ્રન્ટે પાંચ અને મિઝોરમ પિપલ્સ કોન્ફરન્સે એક સીટ જીતી હતી. કોંગ્રેસ અને એમએનએફે ૪૦ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે ૩૯ સીટો ઉપર ઉમેદવારો ઉતાર્યા છે. બીજી બાજુ મધ્યપ્રદેશમાં પણ આજે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત લગાવી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મધ્યપ્રદેશમાં ઝંઝાવતી પ્રચાર કર્યો છે. બીજી બાજુ મધ્યપ્રદેશમાં હજુ પણ છેલ્લી ઘડીના પ્રયાસ જારી રહે તેમ માનવામાં આવે છે. તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી છે. મધ્યપ્રદેશમાં ૨૩૦ સભ્યોની વિધાનસભા છે અને મિઝોરમમાં ૪૦ સભ્યોની વિધાનસભા માટે એક જ તબક્કામાં બુધવારે મતદાન થશે. ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત અન્ય રાજકીય પક્ષોએ પણ પુરતી તાકાત લગાવી છે.

માફ નહિ કરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી રહ્યા હતા. રાજદરબારી કોંગ્રેસની કથાને વાંચતા હતા. મુંબઈમાં એટલી મોટી આતંકવાદી ઘટના ઘટી ગઈ પરંતુ કોંગ્રેસને ચૂંટણી જીતવાની ચિંતા હતી. કોંગ્રેસ તે વખતે દેશભક્તિના પાઠ ભણાવી રહી હતી જ્યારે દેશના જવાનોએ ત્રાસવાદીઓને ઘરમાં ઘુસીને સર્જિકલ હુમલા કર્યા ત્યારે કોંગ્રેસના લોકો પુરાવા માંગી રહ્યા હતા. એક અખબારે લખ્યું હતું કે, ટ્રકો ભરી ભરીને લાશો લઈ જવી પડી હતી. દુશ્મનને તેના ઘરમાં ઘુસીને મારવામાં આવ્યા હતા. દરેક હિન્દુસ્તાનીને તે વખતે ગર્વ થયો હતો. તે વખતે કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યો કે સર્જિકલ હુમલા થયા છે કેમ તેના પુરાવા આપો. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ મુજબ દેશના જાંબાઝ જવાનો હાથમાં કેમેરા લઈને જાય તેમ છે. આ રાજદરબારી કોંગ્રેસીઓથી વધારે સક્રિય થયેલા છે. મોદીએ કહ્યું હતું કે, પહેલા બેંગ્લોર, હૈદરાબાદ, દિલ્હી, જમ્મુ, અમદાવાદમાં બ્લાસ્ટ થતા રહેતા હતા પરંતુ અમે આતંકવાદ સામે એવી લડાઈ લડી ચુક્યા છીએ કે, ત્રાસવાદીઓને કાશ્મીરી ધરતી બહાર નિકળવાનું મોંઘુ પડી રહ્યું છે. ત્રાસવાદીઓને મોત સામે દેખાઈ આવે છે. મોદીએ જનસભાની શરૂઆતમાં કહ્યું હતું કે, ભારત ક્યારે પણ હુમલાને ભુલી શકે નહીં. અમે યોગ્ય તકની શોધમાં છીએ. કાનૂન કાયદાની રીતે કામ કરશે. તેઓ દેશવાસીઓને કહેવા માંગે છે કે, એકબાજુ આતંકવાદ અને બીજી બાજુ માઓવાદ આ સમસ્યા હવે ખતમ થવા આવી છે. માઓવાદ અને આતંકવાદીઓની કમર તોડી પાડવામાં આવી છે. લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન હોતું નથી. જમ્મુ કાશ્મીરમાં પણ અમે ચૂંટણી કરાવી રહ્યા છીએ. આતંકવાદીઓએ ધમકી આપી હતી કે, જો કોઈ વ્યક્તિ મત આપવા જશે તો તેની આંગણી કાપી નાંખવામાં આવશે પરંતુ શ્રીનગરમાં ત્રણ તબક્કામાં પંચાયતની ચૂંટણી થઈ હતી. ૭૦થી ૭૫ ટકા મતદાન થયું હતું. ત્રાસવાદીઓનો ખાત્મો કરવામાં આવી રહ્યો છે. ચૂંટણી પ્રચાર માટે પહોંચેલા મોદીએ ચૂંટણીમાં વિકાસની વાત કરી હતી. આગામી સરકારની વાત કરી હતી. ૨૦૧૪માં જ્યારે તેઓ ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા ત્યારે ખાતરી આપી હતી કે, ખુબ મહેનત કરીને પરિણામ લેવામાં આવશે. ત્યારે પણ કોઈ રજા લીધી નથી. ચાર પેઢી સુધી શાસન કરનાર લોકો ચાર વર્ષના હિસાબ માંગી રહ્યા છે.

પુષ્કરમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેળા ત્યાંના પુજારીએ કોંગ્રેસ પ્રમુખને તેમના ગૌત્રને લઈને પ્રશ્ન કર્યો હતો. રાહુલ ગાંધીએ આજે તરત જવાબ આપ્યો હતો. રાહુલે કહ્યું હતું કે, તેઓ કૌલ કાશ્મીરી બ્રાહ્મણ છે. દત્તાત્રેય તેમના ગૌત્ર તરીકે છે. ત્યારબાદ પુજારીએ મંદિરમાં પૂજા કરાવી હતી. પુજારીએ વાતચીત દરમિયાન આ અંગેની વાતચીત કરી હતી. રાહુલ ગાંધીએ હાલના દિવસોમાં મંદિર મંદિર જઈને ભાજપ ઉપર પ્રહારો કર્યા છે. બીજી બાજુ ભાજપે તેમના જનોઈધારી હોવાને લઈને પ્રશ્નો કર્યા છે. કેટલીક વખત ગૌત્રને લઈને પ્રશ્નો કર્યા છે. મધ્યપ્રદેશમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ પ્રવક્તા સંબીત પાત્રાએ પત્રકાર પરિષદ દરમિયાન રાહુલ ગાંધીને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, રાહુલ જનોઈધારી છ